| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૭**<br>**પ્રશ્નની વિગત: વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ, ઉંઝા .** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ(કિ.કે .પટેલ ) ઉંઝા** |
| **પૂરક પ્રશ્ન (૧) : ઐતિહાસીક નગરી વડનગર ખાતે વધતા પ્રવાસીઓને ધ્યાને લઈને ક્યા ક્યા ડીઝીટલ ઈન્ટરવેન્શન હાથ ધરેલ છે? જો હા તો તેની વિગતો જણાવશો.** |

**જવાબ:**

**વડનગર ખાતે ગુજરાત સરકારના પ્રવાસન નિગમ દ્વારા એક પછી એક અવનવા પ્રોજેક્ટસ ઉપર કામગીરી પુર જોશમાં ચાલી રહેલ છે, જેમાં નિગમ દ્વારા અલગ નજરાણું એટલે કે શર્મિષ્ઠા લેક વડનગર ખાતે "પાણીની સ્ક્રીન પર પ્રોજેક્શન થ્રુ બનશે મ્યુઝીકલ ફાઉન્ટેનની તથા લાઈટીંગની સાથે અવનવા ચિત્રો જે પ્રદર્શિત કરશે વડનગર તથા તેના આસપાસના વિસ્તારના ઈતિહાસની અવનવી ગાથા". જે બાબતના ટેન્ડર પણ પ્રવાસન નિગમ દ્વારા મંગાવામાં આવેલ છે, જેનો અંદાજીત લાઈટીંગ તથા એકવા સ્ક્રીન પ્રોજેક્શન શોનો કોસ્ટ રૂ.૨૪.૦૦ કરોડની આસપાસ છે.**

**આ ઉપરાંત, હાટકેશ્વર મહાદેવ, વડનગર ખાતે હાટકેશ્વર મદિરનો ઈતિહાસ તેમજ ઐતિહાસિક સંસ્કૃતીથી માહિતગાર થાચ તે હેતુથી ૩ડી પ્રોજેક્શન મેપિંગ શો બાબતે રૂ. ૫.૫૩ કરોડના ખર્ચે એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તથા કામગીરી હાલ પ્રગતિમાં છે.**

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૭**<br>**પ્રશ્નની વિગત: વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ, ઉંઝા .** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)** |
| **પૂરક પ્રશ્ન (૨) ઐતિહાસીક નગરી વડનગર ખાતે સ્વદેશ દર્શનની હેરીટેજ સર્કીટ અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સ્થળોએ વિકાસની કામગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે..** |

જવાબ:

માન.અધ્યક્ષશ્રી

૧). તાના રીરી પાર્ક અને આસપાસના તળાવોના વિકાસ માટે પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનીંગ વોલ, પિચ વોલ, એમ્ફીથિટર, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રીફીકેશન વગેરે જેવી કામગીરી રૂ.૧૭.૯૮ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૨). શર્મિષ્ઠા તળાવ ખાતે રીટેઈનિંગ વોલ, પિચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથવે, ઈન્ટરપ્રેટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ, સાઈનેજીસ, પાર્કીંગ, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, સીસીટીવી, વોચ ટાવર વગેરે જેવી કામગીરી રૂ. ૪૦.૦૭ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૩. વડનગર રેલ્વે સ્ટેશન ખાતે ફસાડ ડેવલપમેન્ટ, પ્રવાસી માહીતી કેન્દ્ર, પાર્કિંગ, પેવિંગ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, સીસીટીવી વગેરે કામગીરી રૂ. ૮.૩૪ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૪. શેઠ ચકુલાલ ભોગીલાલ લાઈબ્રેરી ખાતે ઈન્ટરપ્રેટેશન સેન્ટર, શૌચાલય, સાઈનેજીસ, ફાયરફાઈટીંગ, સાઈનેજીસ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ફર્નીચર વગેરે કામગીરી રૂ. ૩.૦૧ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૫. ગેટ્સ એન્ડ ફોર્ટ વોલ ના વિકાસ માટે સરાઉન્ડીંગ ડેવલપમેન્ટ, નવું ઈંટનું ચણતરકામ પથ્થરના ક્લેડીંગ સાથે, સાઈનેજીસ, બેંચ, ઈલ્યુમીનેશન, પાથવે વગેરે કામગીરી રૂ. ૩.૪૦ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૬. અંબાજી કોઠા તળાવ ખાતે પ્રવેશદ્વાર, સ્ક્રીન વોલ, રીટેઈનિંગ વોલ, પિચ વોલ, પાથવે, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન,

ડસ્ટબીન, ગઝેબો વગૅરે કામગીરી રૂ. ૨.૭૮ કરોડ ના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૭. લટેરી વાવ ખાતે મુખ્ય દરવાજો, પાર્કિંગ, પેવીંગ, કેનોપીઝ, ટોઇલેટ બ્લોક, બાઉન્ડ્રી વોલ, ફેન્સીંગ, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેંચ, ઈલ્યુમીનેશન, ડસ્ટબિન્સ, વાવનું રીસ્ટૉરેશન વગૅરે કામગીરી રૂ. ૧.૬૩ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૭**<br>**પ્રશ્નની વિગત: વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ, ઉંઝા .** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી મુકેશભાઈ પટેલ (મહેસાણા)** |
| **પૂરક પ્રશ્ન (૩) વડનગર ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લિધેલ છે. તેમજ વડનગર ખાતે આવતા પ્રવાસીઓ ને રહેવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સુવિધા કરેલ છે?** |

જવાબ:

માન.અદ્યક્ષશ્રી

- છેલ્લા બે વર્ષમાં વડનગર ખાતે અંદાજીત ૮ લાખ ૬૫ હજાર પ્રવાસીઓએ મુલાકત લિધેલ છે.
- તેમજ વડનગર ખાતે આવતા પ્રવાસીઓ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા હોટેલ તોરણ ખાતે  રહેવા માટેની સુવિધા હાથ ધરેલ છે. તોરણ હોટેલ ખાતે નીચે મુજબ ની સુવિધાઓ વિકસાવામાં આવેલ છે.

  ૧.પ્રવાસીઓને રહેવા માટે નવા ૧૬ રૂમો વિવિધ સુવિધાઓ સાથે.

  ૨.જુના ૪ રૂમોના રીનોવેશન

  ૩.પુરૂષ (૧૬ વ્યક્તિ માટે) અને મહિલા(૧૪ વ્યક્તિ માટે) માટે ડોરમેટરી બાથરૂમ ની સુવિધા સાથે

  ૪.ડાઈનીગ હોલ કિચન સાથે

  ૫.કોન્ફરન્સ હોલ

  ૬.પ્રવેશ દ્વાર

૭.સિક્યુરિટી કેબીન

૮.રિસેપ્શન એરિયા

૯.ગાર્ડન

૧૦.પાર્કિંગ

- હોટેલ તોરણ વડનગરના વિકાસ માટે રૂ.૭૧૪.૭૫ લાખ (રૂ.૬૮૭.૧૩ લાખ કોન્ટ્રાક્ટર + રૂ.૨૭.૬૨ લાખ કન્સલ્ટન્ટને)લાખનો ખર્ચ કરેલ છે.

<u>વધારાની માહિતી</u>

આર્કિટેક્ટ : એ આરજી ક્રિએશન અમદાવાદ

પીએમસી : પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અંકલેશ્વર

કોન્ટ્રાક્ટર : મેં.જ્યોતિ ઈન્ફ્રાટેક અમદાવાદ

રીવાઈસ્ડ વર્ક ઓર્ડરની રકમ : રૂ.૬૯૮.૮૩ લાખ

વર્ક ઓર્ડરની તારીખ : ૧૮/૧/૧૯

કામગીરી પૂર્ણ થયા ની તારીખ : ૩૦/૧૧/૨૦

થયેલ કુલ ખર્ચ : રૂ.૭૧૪.૭૫ લાખ(રૂ.૬૮૭.૧૩ લાખ કોન્ટ્રાક્ટર + રૂ.૨૭.૬૨ લાખ કન્સલ્ટન્ટને)

તોરણ ખાતેના રૂમની માહિતી:

| રૂમની કેટેગરી | ભાવ | ભાવ | | ટોટલ રૂમ | જીએસટીની વિગત |
|---|---|---|---|---|---|
| સુઈટ રૂમ | રૂ.૨૭૦૦+જી એસટી ૨ વ્યક્તિ માટે | રૂ.૧૭૦૦+જી એસટી ૧ વ્યક્તિ માટે | ૪૦૦+જીએસ ટી એક્સ્ટ્રા વ્યક્તિ માટે | ૨ | ૧૨% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડીલક્ષ રૂમ | રૂ.૧૭૦૦+જીએસટી ૨ વ્યક્તિ માટે | રૂ.૧૪૦૦+જીએસટી ૧ વ્યક્તિ માટે | ૩૦૦+જીએસટી એક્સ્ટ્રા વ્યક્તિ માટે | ૧૮ | ૧૨% |
| કોન્ફરન્સ | રૂ.૧૦૦૦+જીએસટી (ત્રણ કલાક માટે) | રૂ.૧૪૦૦+જીએસટી (છ કલાક માટે) | રૂ.૨૦૦૦+જીએસટી (આખાદિવસ માટે) | ૧ | ૧૮% |
| ડોરમેટરી | પ્રતિ વ્યક્તિ રૂ.૩૦૦+જીએસટી(કુલ ૩૦ બેડ) | | | | ૧૨% |